# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17 -03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) યુસીસી સમિતિએ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરેલો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો

2) દ્વારકાના વાડીનાર બંદરે આવેલા નંદાદેવી જહાજમાંથી સલામત રીતે ગેસ ટ્રાન્સફર કરવાની કામગીરી કરીગેસ તામિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં મોકલાશે

3) કેન્દ્ર સરકારે ગુજરાતની ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓના વિકાસ માટે 509 કરોડ કરતાં વધુની ગ્રાન્ટ વિતરીત કરી

4) ઉનાના સમઢીયાળા ગામે દલિત અત્યાચાર કેસમાં વેરાવળ સેશન્સ કોર્ટે પાંચ આરોપીઓને પાંચ વર્ષની સજા ફટકારી. 38 નિર્દોષ જાહેર

5) આવતીકાલથી ત્રણ દિવસ માટ રાજ્યમાં વરસાદની આગાહી

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UCC REPORT SUBMISSION

રાજ્યમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ પોતાનો આખરી અહેવાલ  આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં સોંપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિએ ઝીણવટ ભર્યા અભ્યાસ અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઇને લોક અભિપ્રાયો મેળવીને આ અહેવાલ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કર્યો છે.

મુખ્યમંત્રી સમક્ષ આ અહેવાલ રજૂ  કરતાં સમિતિ દ્વારા જણાવાયું હતું કે લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે

# DINDAYAL PORT CHAIRMEN

46 હજાર પાંચસો ટન એલપીજી ગેસનો જથ્થો ધરાવતું નંદાદેવી જહાજ આજે સવારે દેવભૂમિ દ્વારકાના વાડીનારમાં દિનદયાળ પોર્ટ પર આવ્યું છે. આ જહાજમાંથી ગેસની શિફ્ટીંગની કામગીરી ચાલી રહી છે.દર કલાકે એક હજાર ટન ભરાઇ રહેલા આ ગેસનો જથ્થો તમિલનાડુના એનોર અને પશ્ચિમ બંગાળ હલદિયા એમ બે સ્થળોએ મોકલાશે તેમ દિનદયાલ પોર્ટ ઉપર ઓથોરિટી ના ચેરમેન સુશીલકુમાર સિંગે જણાવ્યુ હતું..

(બાઇટ- સુશીલ કુમાર સિંગ, ચેરમેન, દિનદયાલ પોર્ટ , કચ્છ)

# CENTRAL GOVT GRANT

કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ 2025-26 દરમિયાન ગુજરાત સહિત પાંચ રાજ્યોને પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે પંદરમા નાણાંપંચની સહાય જાહેર કરી છે. આ સહાય વિવિધ નાણાંકીય વર્ષોને લગતી ફાળવણીઓને આવરી લે છે અને તેનો ઉદ્દેશ્ય ગ્રામીણ સ્થાનિક શાસનને વધુ મજબૂત કરવાનો છે.

ગુજરાતે 33 જિલ્લા પંચાયતો, 247 બ્લોક પંચાયતો અને 14,563 ગ્રામ પંચાયતોને આવરી લેતા બીજા હપ્તા તરીકે 509 કરોડ રૂપિયા  પ્રાપ્ત કર્યા છે. તેની સાથે વધારાની 2 ગ્રામ પંચાયતોને જાહેર કરાયેલ રોકી રાખેલા હિસ્સાના 14.64 લાખ રૂપિયા પણ સામેલ છે.

આ ગ્રાન્ટનો ઉપયોગ ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ દ્વારા બંધારણની અગિયારમી અનુસૂચિમાં સમાવિષ્ટ ઓગણત્રીસ વિષયો હેઠળ, પગાર અને અન્ય સ્થાપના ખર્ચ સિવાય, સ્થાનિક સ્તરે જરૂરી જરૂરિયાતો માટે કરવામાં આવશે.

# અર્જુન મોઢવાડિયા

રાજ્યના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને ગુજરાત અમૃતકાળમાં વિકસિત ગુજરાત @2047ની  વિકાસયાત્રા  ને વેગ આપવા માટે નાણાંકીય વર્ષ 2026-૨૭ માટે ગુજરાત રાજ્યનું કુલ બજેટ ચાર લાખ આઠ હજાર ત્રેપન કરોડનું બજેટ છે જે ગયા વર્ષની સરખામણીએ 10.2 ટકાનો વધારો સૂચવે છે વિજ્ઞાન અને પ્રોજેક્ટ વિભાગને કુલ 2634 કરોડની ફાળવણી કરવામાં આવેલ છે

(BYTE :ARJUN MODHVANIYA )

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# UNA SAJA

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સમઢીયાળા ગામે વર્ષ 2016માં બનેલા ચર્ચિત દલિત અત્યાચાર કેસમાં વેરાવળ સેશન્સ કોર્ટ દ્વારા પાંચ આરોપીઓને તમામ દોષિતોને એટ્રોસિટી એક્ટ હેઠળ 5 વર્ષની સજા ફટકારવામાં આવી છે.

IPC કલમ 523 અને 524 હેઠળ 3 વર્ષની સજા તેમજ IPC કલમ 342 અને 504 હેઠળ 2 વર્ષની સજા સંભળાવવામાં આવી છે. સાથે જ દરેક આરોપીને રૂપિયા 5 હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

જ્યારે અન્ય 38 આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરાયા છે.

# BUDGET DEMAND

આજે વિધાનસભા ગૃહમાં ખાણ ખનિજ  અને ઉદ્યોગોના વિભાગ અને સામાન્ય વહિવટ વિભાગની અંદાજપત્રિય માંગણીઓ પસાર કરવામાં આવી હતી. ખાણ ખનિજ અને ઉદ્યોગ વિભાગની બજેટની માંગણીઓની ચર્ચા કરતાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ કે નાના ખેડૂતો અને જમીન માલિકો માટે વહીવટી પ્રક્રિયા સરળ બનાવવા 'ડાયરેક્ટ એલોટમેન્ટ' એટલે કે સીધી ફાળવણીની વ્યવસ્થા ઊભી કરાઈ હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

વલસાડ અને નવસારી જિલ્લામાં વેનેડિયમ અને ટાઇટેનિયમ માટે નવા ખનીજોના સંશોધનનું કાર્ય પ્રગતિમાં હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.રાજ્ય સરકારના કડક અને પારદર્શક અભિગમને પરિણામે ખનિજ ચોરીની વસૂલાત વર્ષ ૨૦03-0૪ના ૧.૭૧ કરોડથી વધીને વર્ષ ૨૦૨૬માં રૂ. ૨૫૨.૦૯ કરોડે પહોંચી છે.

છેવાડાના નાગરિકને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે જિલ્લા આયોજનના બજેટમાં અંદાજિત રૂ. ૫00 કરોડનો વધારો કરાયો હોવાનું મંત્રી ઈશ્વરસિંહ પટેલે ગૃહમાં જણાવ્યુ હતું.

ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના' હેઠળ રાજ્યના ૬.૫ લાખ કર્મયોગીઓને રૂ. ૧0 લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનું કવચ અપાયું છે.

તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં રાષ્ટ્રીય કક્ષાએ UPSCમાં 'સ્પીપા'નું નોંધપાત્ર પ્રદર્શન થયું હોવાનો મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.. આ ચર્ચા બાદ સામાન્ય વહીવટ વિભાગની કુલ રૂ. ૨૦૫૧.૨૭ કરોડની અંદાજપત્રીય માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર થઇ હતી

# BULLETE TRAIN

બુલેટ ટ્રેનની ગુજરાતમાં કામગીરી ઝડપથી થઇ રહી છે.નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા પહેલેથી જ સુરત, બિલીમોરા, વાપી, ભરૂચ, આનંદ અને વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશનો પર ઝડપથી કામગીરી થઇ રહી છે.સતાવર યાદી મુજબ

સુરત બુલેટ ટ્રેન સ્ટેશનનો પર બિલ્ડિંગના સ્ટીલ સ્ટ્રક્ચરલ અને રૂફ શીટિંગનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ફિનિશિંગ કામ ચાલુ છે. જ્યારે બિલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશન પ રેલ અને પ્લેટફોર્મ સ્તરનું સ્લેબ કાસ્ટિંગ કામ પૂર્ણ થઈ ગયું છે. આણંદ બુલેટ ટ્રેન સ્ટેશન પર કોન્કોર્સ, રેલ અને પ્લેટફોર્મ સ્તરના સ્લેબ કાસ્ટિંગ કામ પૂર્ણ થઈ ગયું છે. વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશન પર કોન્કોર્સ અને ટ્રેક સ્તર પરના સ્લેબ કાસ્ટિંગ કામ પૂર્ણ થઈ ગયું છે

# PINK TOILET

રાજ્યમાં નિર્મળ ગુજરાત 2.0 અંતર્ગત મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને યાત્રાધામો ખાતે મહિલાઓ માટે સ્વચ્છ અને આધુનિક પિંક ટોઇલેટ્સ બનાવવામાં આવશે.તેમાં દિવ્યાંગ મહિલા માટેની સીટ, ચેન્જીંગ રૂમ, બેબી ફીડીંગ માટેનો રૂમ તેમજ મહિલા કેરટેકર એરિયા જેવી સુવિધા હશે.

સુવિધા અને સ્વચ્છતા માટે ગુજરાત સરકારની નવીનતમ પહેલ પિંક ટોઇલેટ માટે રાજ્યના વર્ષ 2026-27ના અંદાજપત્રમાં 59.14 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઇ છે.

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આવતીકાલ થી 20 માર્ચ સુધી રાજ્ય માં કેટલાક સ્થળે   ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદની શકયતા છે આ અંગે હવામાન વિભાગ ના નિયામક વધુ માહિતી આપી રહ્યા છે

(બાઇટ – એકે દાસ – હવામાન વિભાગના વડા )

# VALSAD POSHAN

વલસાડ આઈ.સી.ડી.એસ. શાખાના સઘન પ્રયાસથી એક વર્ષમાં જિલ્લાના ૩૦,૨૯૪ બાળકો કુપોષણ મુક્ત થયા છે. છેવાડાના માણસ સુધી રાજ્ય સરકારની સેવાઓ પહોંચે તેવી નિર્ધાર સાથે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર અને સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.) વિભાગ દ્વારા બાળકોમાં કુપોષણ નાબૂદ કરવા માટે હાથ ધરાયેલા ‘‘પોષણ સંગમ કાર્યક્રમ’’ના જિલ્લામાં સકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે. જિલ્લાના સંપૂર્ણ આદિવાસી એવા ધરમપુર, કપરાડા અને ઉમરગામ તાલુકામાં અનેક બાળકોને કુપોષણની જાળમાંથી બહાર લાવી તંદુરસ્ત બનાવવામાં આવ્યા છે.

# EVE WEATHER FORECAST

**રાજ્યના**

# EVE WEATHER FORECAST

**રાજ્યના**